
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, કોરોનાની રસી આપવાવાળા ગમે ત્યારે આવે,... હું તો પૂરી તૈયારી સાથે જ રહું છું...

# ગાંધીનગરમાં ૧૧ દિવસમાં પોલીસે ૨૦.૯૧ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. હજુ સુધી કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળતો નથી. કોરોનાએ પાટનગરમાં પણ અજગરી ભરડો લીધો છે. શહેરમાં પણ જિલ્લામાં પણ કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે તેમ છતા કેટલાક નાગરીકો સરકારની ગાઈડ લાઈનનું પાલન કર્યા વિના ફરતા નજરે પડે છે. ત્યારે માસ્ક વિના ફરતા નાગરીકો સામે તંત્ર દ્વારા તાજેતરમાં તવાઈ આવી હતી. જેમાં પોલીસ તંત્ર દ્વારા માસ્ક ન પહેરવા બદલ નાગરીકો સામ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.કોરોના મહામારીમાં કોરોના સંક્રમણ અટકાવવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૭૮,૦૬૦ વ્યકિતઓ પાસેથી કોરોનાના કહેર વચ્ચે માસ્ક નહી પહેરવા અંગે કુલ રૂ.૨,૩૬,૦૧,૨૦૦નો દંડ વસુલ કરવામાં આવેલ છે. જયારે રાત્રી કર્ફયુ ભંગના ૧૫૦ જેટલા કેસ નોંધાયા છે. તો બીજીતરફ અત્યાર સુધીમાં જાહેરનામા ભંગ અંતર્ગત ગાઈડ લાઈનનું પાલન નહી કરનાર વ્યકિત વિરુધ્ધ વિવિધ કલમો હેઠળ ૨૧૯૯ ગુના દાખલ કરાયા છે. જયારે માત્ર ડિસેમ્બર-૨૦માં માત્ર ૧૧ દિવસમાં માસ્ક નહી પહેરવા બદલ ૨૦૯૧ વ્યકિત પાસેથી રૂ.૨૦,૯૧,૦૦૦ નો દંડની વસુલાત કરાઈ છે.



## ખૂણેખાંચરેથી

- કોરોના વેક્સીનેશન અંગે આજે ઓનલાઈન ટ્રેનીંગ આપવામાં આવી હતી. આ ટ્રેનીંગ રવિવારે પણ ચાલુ રખાશે.
- ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણાની સઘન ઝુંબેશ અભિયાનો આજે અંતિમ ચરણ યોજાશે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના ૫૬ કેસ નોંધાયા છે. હવે બે દિવસમાં ૧૦૦ કેસ નોંધાય છે.
- ગાંધીનગર સિવિલમાં ૮ હજાર લીટર ઓક્સીજનની ટેન્ક આવી પહોંચી છે તેનું ફીટીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેડિયોલોજીના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટની ખાલી જગ્યા ભરવામાં આવી છે. આ જગ્યા પર જામનગરના તબીબ ડૉ. નંદીનીની નિયુક્તી કરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પૂર્વ આર.એમ.ઓ. ડૉ. હસમુખભાઈ નાયક અને મહેસુલ વિભાગના પૂર્વ અધિક સચિવ હેમેન્દ્રભાઈ શાહને કોરોનાની સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બન્ને સ્વસ્થ છે અને આગામી એકાદ બે દિવસમાં રજા અપાશે.

# સોમવારથી ''ઘનિષ્ઠ એકિટવ ટીબી કેસ ફાઈન્ડીંગ'' પખવાડીયા તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

હાલના ચાલી રહેલા કોરોના સમયગાળા દરમિયાન કોરોના ટેસ્ટ નેગેટીવ આવ્યો હોય તેવા વ્યકિતએ ટીબીની તપાસ પણ કરાવવી જરુરી છે. કારણ કે ટીબીના અને કોરોનાના લક્ષણો સરખા હોય છે.તો તમામ નાગરીકોએ કોરોના રીપોર્ટ નેગેટીવ આવે તો ટીબીની તપાસ ફરજીયાત કરાવવી જોઈએ. રાજયના આરોગ્ય કમિશનરની સુચનાથી તા.૧૪ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર દરમિયાન એકટીવ ટીબી કેસ ફાઈન્ડીંગ પખવાડીયાની ઉજવણી કરવામાં આવશે.

આ અંગે માહિતી આપતા જિલ્લા ક્ષય અધિકારીએ જણાવ્યું છે કે કોરોનાના સમયગાળામાં ટીબીના શંકાસ્પદ લક્ષણો હોય તેવા વ્યકિતના ટીબીની તપાસ કરવામાં આવશે. આ એકટીવ કેસ ફાઈન્ડીંગની કામગીરીમાં ટીબીના કેસ શોધવાની સઘન કામગીરી કરવામાં આવશે.

આ કામગીરી દરમિયાન જિલ્લાના તમામ તાલુકાના ગામડામાં ટીબીના શંકાસ્પદ કેસ શોધવાની કામગીરી કરાશે. જયાં ટીબીના કેસ વધુ મળી શકે તેવા આ કામગીરીમાં શોધાયેલા શંકાસ્પદ કેસના ગળફા, એકસ-રે ની તપાસ કરવામાં આવશે. ત્યારબાદ નિદાન બાદ ટીબી માલુમ પડે તો તે દર્દીને સારવાર આપવામાં આવશે.




ગાંધીનગરમાં ઠેર ઠેર રોડ રસ્તા બનાવવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું છે. સેકટર-૭/સીમાં આંતરિક માર્ગોનું રીપેરીંગ અને પેવરીંગ કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે અહીંના વસાહતીઓ અને માર્ગોનું રીપેરીંગ કરી રહેલા સ્ટાફ વચ્ચે તકરાર થઈ હતી.

# રૂપાણી દ્વારા ચાર નવી પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત

### આદિવાસી ક્ષેત્રના વિકાસ માટે ૩૮૫ કરોડનો ખર્ચ થશે : ભરૂચ નગરપાલિકાના ફાયર સ્ટેશન તથા શેલ્ટર હોમનું પણ ઈ લોકાર્પણ મુખ્ય મંત્રી વિજય રૂપાણીના હસ્તે સંપન્ન

ભરૂચ, તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દક્ષિણ ગુજરાતના ભરૂચમા રૂ. ૩૮૫ કરોડની વિવિધ પાણી પુરવઠા યોજનાના ખાતમુહુર્ત કરતા જણાવ્યું કે કોરોના કાળમા પણ આ સરકારે આ વર્ષના બજેટમા થયેલા વિકાસ આયોજનો પાર પાડવાનો યજ્ઞ આદર્યો છે. ભરૂચ જિલ્લાની આ યોજનાઓ પૂર્ણ થતા ૧૯૮ ગામો, ૪ શહેરોને શુદ્ધ જળ મળતુ થશે.

તેમણે કહ્યું કે, સરકારનું બજેટ માર્ચ મહિનામા પસાર થયુ ને તુંરત જ કોરોના સંક્રમણ વિશ્વમા વ્યાપી ગયું, આમ છતા ''જાન હે, જહાન ભી હે'' ના પ્રધાનમંત્રીશ્રીના ધ્યેયને વાચા આપી રાજય સરકારે આર્થિક ગતિવિધિઓ, વિકાસના કામો સમયબદ્ધ ઉપાડ્યા છે. અત્યાર સુધીમાં ૨૦ હજાર કરોડના વિકાસકામોની ભેટ કોરોના સંક્રમણ વચ્ચે પણ લોકોને આપી છે એવો સ્પષ્ટ મત તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ પાણી, શિક્ષણ, આરોગ્ય જેવી પાયાની સુવિધાઓના વિકાસકામો પણ એ જ ત્વરાએ વેગવાન કર્યા છે તેમ ઉમેર્યું હતું. આ અંગે તેમણે કહ્યું કે, પાણીને વિકાસનો આધાર બનાવીને ઘરે ઘરે, ગામે ગામ પાણી પુરતું મળે તે માટે છેલ્લા પાંચ દિવસોમાં જ ૨૫૦૦ કરોડના પાણી પુરવઠાના વિવિધ કામો રાજયભરમાં શરુ થયા છે. રૂપાણીએ ગુજરાતમાં પાણીના દુકાળને ભૂતકાળ બનાવવાનો નિર્ધાર પુનઃ વ્યક્ત કરતા ઉમેર્યું કે, પાણીના નવા સ્ત્રોત, સુજલામ સુફલામ યોજના, નર્મદા-ઉકાઈ-કડાણા જળાશયો આધારિત યોજનાઓથી છેક કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડ્યા છે. દિવસોમાં નંદનવન બનશે તેમ જણાવ્યું હતું. ભરૂચ જિલ્લાના વાલિયા ખાતે યોજાયેલા કાર્યક્રમમા મુખ્યમંત્રીએ ''જ્યાં માનવી ત્યાં સુવિધા''ના ધ્યેય સાથે આગળ વધી રહેલી રાજય સરકારના અભિગમનો ખ્યાલ આપી આદિવાસી પ્રદેશના સર્વતોમુખી વિકાસની નેમ વ્યક્ત કરી હતી. ખાતમુહુર્ત કરાતા કાર્યક્રમોના લોકાર્પણની નવી મુખ્યમંત્રીએ પાણી વિના વિકાસ શક્ય નથી તેમ જણાવી પીવાના પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવાની સરકારની નેમ વ્યક્ત કરી હતી. ''નેવાના પાણીને મોભે ચઢાવી''ને ગુજરાતે પાણીથી તરસતા ગુજરાતના વિકાસની આડે રહેલા તત્વોને પ્રજાએ જાકારો આપ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી પરંપરાને આગળ વધારતા




વિજયભાઈ રૂપાણીએ ભરૂચ ના વાલિયા ખાતે અંદાજીત રૂ. ૩૮૫ કરોડના ખર્ચે આકાર પામનારી વધુ ચાર પાણી પુરવઠા યોજનાઓનુ ખાતમુહુર્ત કરી આ યોજનાઓ પૂર્ણ થતા, ભરૂચ જિલ્લાના પૂર્વપટ્ટીના વાલિયા, ઝગડિયા, અને નેત્રંગ તાલુકાઓ આગામી કાર્યપદ્ધતિ અમલી બનાવીને આ સરકારે વિકાસની ઠોસ પદ્ધતિ નક્કી કરીને સુવ્યવસ્થિત, સમયબદ્ધ કાર્ય આયોજનની કાર્યશૈલી વિકસાવી છે તેમ જણાવ્યું હતું.

ભૂતકાળની સરકારોની કાર્યશૈલીનો ચિતાર આપતા વર્તમાન રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ બનાવીને નવા નવા સોર્સ આધારિત યોજનાઓની ભેટ પ્રજાજનોને આપી રહી છે તેમ જણાવી ગુજરાતમાંથી ટેક્કરરાજ ખતમ કરવા સાથે પાણી પુરવઠા યોજનાઓની ફાઈલોમાંથી ''નો સોર્સ'' શબ્દને દુર કર્યો છે.

# શાહપુરના લાલકાકા હોલનું કોંગ્રેસ નેતાએ લોકાર્પણ કર્યું

અમદાવાદ મનપાની ચૂંટણી પહેલા શહેરના રાજકરણમાં ગરમાવો આવી ગયો છે. અમદાવાદ મનપાની ચૂંટણી પહેલા ભાજપ-કોંગ્રેસમાં લોકાર્પણની હોડ જામી છે. શાહપુરના લાલકાકા હોલનું ભાજપના મંત્રી અને મેયર લોકાર્પણ કરે તે પહેલા જ કોંગ્રેસે તેનું લોકાર્પણ કરી નાંખ્યું છે.

શાહપુર ખાતેના લાલકાકા હોલના ઉદ્ઘાટન પર અમદાવાદનું રાજકારણ ગરમાયુ છે. આ હોલનું મંત્રી અને મેયર ઉદઘાટન કરે એ પહેલાં કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદીન શેખે તેને પ્રજા માટે ખુલ્લું મૂકી દીધું છે. શાહપુરના લાલકાકા હોલનું ગ્યાસુદ્દીન શેખે ઉદ્ઘાટન કરતા કહ્યું કે, વર્ષ ૨૦૧૫માં મેં આ હોલ મંજુર કરાવ્યો હતો.

# પ્રભુપુરા પાટીયા પાસેથી વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક વલાદ ગામ પાસે પ્રભુપુરા પાટીયા શિવશકિત કેળવણી ટ્રસ્ટ ની બહાર લાઈટના અજવાળે વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સોને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી આંકડાના લખાણ ઉપયોગી ચીજવસ્તુની કિં.૨૫૯૦ તેમજ રોકડા રૂ.૧૨,૫૬૦ મુદ્દામાલ કબ્જે કરી બે ઈશમો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ડભોડા પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે સમયે પ્રભુપુરા પાટીયા પાસે શિવશકિત કેળવણી ટ્રસ્ટની બહાર ફુટપાથ પર બે અજાણ્યા શખ્સો શંકાસ્પદ હાલતમાં કંઈક લખતા નજરે પડ્યા હતા. પોલીસે પુછતા શખ્સોએ વરલી મટકાનો જુગાર રમતા હોવાનું જણાવ્યું હતુ. જેમાં કિશન અંબાલાલ બારૈયા (ઉં.૩૦ રહે. મનં.૧૪ કુબેરદાસની જુની ચાલી સૈજપુર), અને નરેશ રાજકુમાર પંજવાણી (ઉં.૨૪ રહે. મ.નં.૭૨૫-૪ આંબાવાડી સરદાર નગર) હોવાનું સામે આવ્યું હતું. જયારે બે ઈશમો પાસેથી આંકડાના લખાણ ઉપયોગી વસ્તુ કિં.૨૫૯૦ તેમજ રોકડ રૂ.૧૨,૫૬૦ ના મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ૨૪ કલાકમાં રાજ્યના પાંચ તાલુકામાં દોઢ ઈંચ કરતા વધારે વરસાદ

### રાજ્યમાં છવાયું ધુમ્મસ : ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ : રાજ્યના ૨૧ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં આજે વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરનો ત્રીજો દિવસ છે. ત્રણ દિવસના વાતાવરણમાં પલટાની આગાહી વચ્ચે આજે સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૮ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો છે. જેમાં નવસારીના વાંસદામાં સૌથી વધુ ૧.૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તો ડાંગના વઘઈમાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો નોંધાયો છે. તો બીજી તરફ, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાની આગાહી મુજબ, ગુજરાતમાં ૧૦ થી ૧૨ ડિસેમ્બર સુધી વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર હેઠળ વાતાવરણમાં પલટો આવ્યો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લૉ પ્રેશર સક્રિય થયું હોવાથી ઉત્તરથી લઈને દક્ષિણ ગુજરાત સુધીના ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં કાળાડિબાંગ વાદળો છવાઈ ગયા છે. શુક્રવારે ગુજરાતના ૧૩૬ તાલુકામાં માવઠું પડ્યું હતું. હવે ૨ દિવસ બાદ ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. ૨ દિવસ પછી ૩થી ૪ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. હજુ બે દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આજે અને આવતીકાલે કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાનના પલટાની સીધી અસર ખેડૂતો પર પડી છે. ખેતરોમાં ઉભો પાક અને યાર્ડમાં પડેલો માલ પલળતાં ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે.

# કપરાકાળમાં સફાઈ કર્મીઓની ફરજ નિષ્ઠા પર રાષ્ટ્રને ગૌરવ

### નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલનું સંબોધન : મહેસાણા નગરપાલિકામાં વિવિધ વિભાગોમાં કાર્યરત ૧૮૦ કર્મયોગીઓને કાયમી નિમણુંક પત્રો એનાયત

ગાંધીનગર, તા.૧૨

મહેસાણા નગરપાલિકાના વિવિધ વિભાગોમાં કાર્યરત ૧૮૦ કર્મયોગીઓને કાયમી નિમણુંક પત્રો એનાયત કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે કર્યું છે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા લોકહિતના અનેકવિધ કાર્યો થયા છે.મહેસાણા શહેરની ડી.પીની મંજુરી મળતાં શહેરનો વિકાસ પુર ઝડપે થવાનો છે.સરકારે હમેશાં લોકહિત સાથે સંકળાયેલ સભ્યો પાલિકાનો વહીવટ કરે તેવી આશા વ્યકત કરી હતી મહેસાણા નગરપાલિકા પ્રમુખ નવીનભાઈ પરમારે જણાવ્યું હતું કે મહેસાણા નગરપાલિકામાં પાંચ વર્ષ પહેલાં




જણાવ્યું હતું કે કોરોના કપરાકાળમાં સફાઈ કર્મયોગીઓ દ્વારા નિષ્ઠાપુર્વક કામ કરાયું છે.દેશમાં સફાઈ કર્મીઓ અને આરોગ્ય સાથે સંકળાયેલા કર્મીઓ ખરા અર્થમાં કોરોના વોરીયર્સ છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે પાલિકાઓમાં સૌથી મહત્વનું કાર્ય સફાઈ કર્મીઓનું છે.કોરોના ના કપરા સમયમાં સફાઈ કર્મીઓ દ્વારા સામાજિક જવાબદારી ઉપાડીને સ્વચ્છતાનું મહત્વનું કામ કર્યુ છે. તેમણે ઉમેર્યું હતું કે સ્વચ્છતાના આ સૈનિકોએ ફરજનિષ્ઠા પુર્વક ગૌરવપુર્ણ કામ લોકહિત,રાષ્ટ્રહિત અને લોકશાહીને અગ્રેસરતા આપી વિકાસના કામો કર્યા છે.મહેસાણા શહેર આગામી સમયમાં રાજ્યમાં પ્રથમ હરોળના વિકાસશીલ શહેર બને તે દિશામાં આપણે સૌ સહિયારો પ્રયત્ન કરીએ તેમ જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે મહેસાણા પાલિકાના સભ્યોની મુદત પણ પુરી થઈ રહી છે જેથી તેમણે નગરપાલિકાના તમામ સભ્યોને અભિનંદન પાઠવી આગામી સમયમાં રાષ્ટ્રહિત અને ભરતી કરેલ વિવિધ ૨૫૪ કર્મયોગીઓમાંથી ૧૮૦ કર્મચારીઓને આજે કાયમી નિમણુંક આદેશ આપવામાં આવશે બાકીના કર્મયોગીઓને સમયાંતરે કાયમી નિમણુંકના આદેશ આપવામાં આવનાર છે. મહેસાણા ટાઉનહોલ ખાતે મહેસાણા નગરપાલિકાના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની નિમણુંકના પાંચ વર્ષ પુર્ણ થયેલ હોવાથી નિયમિત પગાર ધોરણના નિમણુંક પત્ર નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ગોપાલ ઈટાલિયા નિમાયા

### તુલીબેન બેનર્જીની ગુજરાત પ્રદેશ મીડિયા હેડ અને નિકિતાબેન રાવલની પ્રદેશ પ્રવક્તા તરીકેની નિમણૂક કરાઈ

અમદાવાદ,તા.૧૨

આમ આદમી પાર્ટીએ હવે ગુજરાતની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગોપાલ ઈટાલિયાને ગુજરાત પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. ચર્ચામાં આવ્યો હતો. ગોપાલ ઈટાલિયા જેવા ફાયરબ્રાન્ડ અને ગુજરાતમાં ભાજપ સરકાર પર ભ્રષ્ટાચારના સણસણતા આક્ષેપો કરવા માટે જાણીતા નેતાની પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક કરીને



આ એ જ ગોપાલ ઈટાલિયા છે, જેઓ ધંધૂકા ડેપ્યુટી કલેકટર ઓફિસમાં કલર્ક તરીકે ચાલુ નોકરીએ હતા, ત્યારે વિધાનસભા સંકુલમાં ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર ચંપલ ફેંક્યું હતું. એ પહેલાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફોન કરીને તેમની સાથેની ચડભડનો ઓડિયો વાઈરલ થતાં પણ ઈટાલિયા આપએ સાત મ્યુનિ.ની ચૂંટણીમાં એન્ટ્રીનું બ્યૂગલ વગાડી દીધું છે.

એક સમયે પાટીદાર અનામત આંદોલનનો જુવાળ હતો ત્યારે હાર્દિકનું જબરદસ્ત ફેનફોલોઈંગ હતું. હાર્દિકના એક અવાજ પર હજારો પાટીદાર યુવાનો શેરીઓમાં ઊતરી આવતા હતા. આ રીતે જ ગોપાલ ઈટાલિયાનું પણ સોશિયલ મીડિયા પર જબરદસ્ત ફેનફોલોઈંગ છે. હવે જોવાનું એ રહે છે કે ગોપાલ ઈટાલિયા આપના પ્રદેશ પ્રમુખ બન્યા પછી પોતાના ફેનફોલોઈંગને પાર્ટી માટેના સપોર્ટમાં કન્વર્ટ કરી શકે છે કે કેમ. હાલના તબક્કે અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં પ્રદેશ કોંગ્રેસ એકમ ઊણું ઊતરી રહ્યું છે.

આ જોતાં આપ પાસે સારી તક હોવાનું મનાય છે. દિલ્હીના મતદારોમાં પોતાના માટે જોરદાર સપોર્ટ અને ક્લીન એડમિનિસ્ટ્રેશનની ઈમેજ બિલ્ટ કરનારા અરવિંદ કેજરીવાલનો જાદુ દિલ્હી બહાર પ્રસરી શક્યો નથી. ગુજરાતનું જ ઉદાહરણ જોઈએ તો પાર્ટી છેલ્લાં પાંચેક વર્ષથી ગુજરાતમાં વ્યવસ્થિત માળખું રચવા સતત પ્રયત્નશીલ છે. આ અગાઉ ૨૦૧૪માં કનુભાઈ કળસરિયા આપના ગુજરાત એકમમાં જોડાયા હતા અને તેમને પછીથી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પણ બનાવાયા હતા. આમ છતાં ગુજરાતમાં હજી સુધી છછઁનું વ્યવસ્થિત માળખું સ્થપાઈ શક્યું નથી.

# હવે, આખા અમદાવાદમાં ફ્રી બસમાં મુસાફરી કરી શકશે

અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ કમિટીની આજે મળેલી આખરી બેઠકે શહેરના બાંધકામ વ્યવસાયમાં રોજગારી મેળવતા બાંધકામ શ્રમિકોને મફત બસપાસ આપવાનો નિર્ણય કર્યો હતો. પરિમાણે બાંધકામ શ્રમિકો મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસની કોઈ પણ બસમાં ફ્રી પાસથી વિનામૂલ્યે પ્રવાસ કરી શકશે. કમિટીના ચેરમેન અતુલ ભાવસારે એમ જણાવ્યુ છે, અગાઉ ૨૦ ટકા બાંધકામ શ્રમિકના અને ૮૦ ટકા મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસના એવી એક યોજના હતી પરંતુ ૨૦ ટકા રકમ ભરવાને કારણે શ્રમિકો આ પાસ મેળવવા આવતા ન હતા. જેથી શ્રમિકોના ૨૦ ટકા રકમ હવે મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ ભોગવશે એટલે કે, ૧૦૦એ ૧૦૦ ટકા રકમ ભોગવશે. જેથી એ બસ પા સંપૂર્ણ ફ્રી પાસ બની રહેશે. આ ફ્રી પાસ મેળવવા માટે બાંધકામ શ્રમિકો કે જેઓ પાસે નોંધાયેલા બાંધકામ શ્રમિકનું ઓળખકાર્ડ ( લાલ બુક) હોય તેમણે ઝેરોક્સ નકલ સાથે સારંગપુર બસ ટર્મિનલ અને વાડજ ટર્મિનલ ખાતે રૂબરૂ અરજી કરવાની રહેશે. જેનો સમય સોમવાર તા. ૧૪મીથી સવારના ૯થી બપોરના ૩ વાગ્યા સુધીનો છે.